તાકોદનાં પાણી પુરવઠા યોજનાના સેન્ટેજ ચાર્જીસનું ધોરણ નકકી કરવા બાબત...

ગુ જ રા ત  સ ર કા ર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
પરિપત્ર નં. એસસીવાય-૨૮૭૯-૪૬૬(૮૦)-પી,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨-૨-૧૯૮૦

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી ઠરાવ નંબર: એસસીવાય-૨૮૭૯-૬૨૦૩-પી, તા. ૧૮-૯-૧૯૭૯ અન્વયે,

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય કાર્ય વિભાગ, રાજકોટના તા. ૩-૧૦-૧૯૭૯ના પત્ર નં. ચેબી/રાજકોટ/સાદર/ખર્ચ-૪૬૩૭.

-X-X-X-X-X-X-X-

પ રિ પ ત્ર :-

અનાવૃષ્ટિને કારણે પીવાના પાણીની તંગી નિવારવા અથવા આવા વિશિષ્ટ સંજોગોમાં ''જ્યારે અને ત્યારે'' ના ધોરણેની યોજનાઓ હાથ પર લેવામાં આવે છે તેને માટે ઓછા સેન્ટેજ ચાર્જીસ નકકી કરવા સ્થાનિક સંસ્થાઓ તરફથી અવાર નવાર રજુઆત કરવામાં આવેલ. આવી રજુઆતોને લક્ષમાં લઈને આવી યોજનાઓ માટે સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીવાય-૨૮૭૯-૬૨૦૩-પી, તા. ૧૮-૯-૧૯૭૯ થી ૧૦ ટકા સેન્ટેજ ચાર્જીસનું ધોરણ અપનાવવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવનો અમલ તા. ૧-૧-૧૯૭૧ થી લેવાનો હોઈ તેની જે અસર થાય તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. એટલે કે તારીખ ૧-૧-૧૯૭૧ થી જે યોજનાઓ પર ૧૭.૮૫૪ ચાર્જ કરેલ છે તેમાં સુધારો કરી ૧૦ ટકા લેવાનો થશે અને તે પ્રમાણે હિસાબ કરતાં રકમ મજરે આપવાની થતી હશે તો તે આપવાની રહેશે.

ઉપર જણાવ્યા મુજબની વિગત હોઈ ૧૦ ટકા સેન્ટેજ ચાર્જીસની વિગતવાર ટકાવારી (બ્રેકઅપ) નીચે જણાવ્યા પ્રમાણે નકકી કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (ક) | મહેકમ ખર્ચ (સચિવાલય ખાતેના વહીવટી ખર્ચ સહિત) | | |
| (ખ) | સાધનોનો ખર્ચ.. (હાલમાં જે ટકાવારી અમલમાં છે તે પ્રમાણે) | .... | ૭.૫ ટકા |
| (ગ) | ઓડીટ ખર્ચ (હાલમાં જે ટકાવારી અમલમાં છે તે પ્રમાણે) | .... | ૧.૫ ટકા |
| | | ઘ..... | ૧.૦ ટકા |
| | | કુલ | ૧૦.૦ ટકા |

૨.......

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૧૬-૧-૧૯૮૦ ની નોંધથી મળેલ સંમતિથી આ આદેશ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પુ.પુ. મોઢા
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

પ્રતિ,
નાણાં વિભાગ,
નાણાં શાખા ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
મહેસુ.. વિભાગ,
જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગના સર્વ કાર્યપાલક ઈજનેરશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
અધિક એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય, રાજકોટ.
સ્થાનિક ભંડોળ અધિકારીશ્રી અમદાવાદ,
નિયામકશ્રી નગરપાલિકાઓ અમદાવાદ,
રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ
માનનીય મંત્રીશ્રી(પાણી પુરવઠા)ના અંગત મદદનીશશ્રી,
''ન'' શાખા(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
પસંદગી ફાઈલ.

પારેખ/..